# BUSINESS મિત્ર

### રૂપિયામાં ઝડપી રીકવરીના પગલે નિફ્ટી 22700ને પાર, બજાર પોઝિટિવ બંધ રહ્યું

# સેન્સેક્સ નીચલા સ્તરેથી 1750 પોઇન્ટ રીકવર થયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 2:** વૈશ્વિક સંકેતોની પાછળ આજે ભારતીય શેરબજાર ગેપડાઉન ઓપનીંગ કર્યુ હતું અને લગભગ નિફ્ટી 500 પોઇન્ટ સુધી નીચે સરકી ગઇ હતી, પણ છેલ્લે બજારે યુ ટર્ન લીધો હતો અને રીકવર થઇને પોઝિટિવ બંધ રહ્યો હતો. જેમાં નિફ્ટીએ 22700 પોઇન્ટની સપાટી કુદાવીને બંધ રહી હતી. આજે બીએસઇની નવા વર્ષની વીકલી એકસપાયરીના પગલે આજે શરૂઆતી કડાકો બોલાયો હતો, પણ રૂપિયામાં શાનદાર રીકવરીના પગલે બજારમાં શોર્ટ કવરીંગ જોવા મળ્યું હતું, તેના લીધે શેરબજાર રીકવર થયું હતું.

ડોનાલ્ડ ટ્રમ્પની ટિપ્પણીઓ પછી બજારોમાં ક્રુડના ભાવમાં તીવ્ર ઘટાડો જોવાયો હતો, પણ ભૂરાજકીય પરિસ્થિતિમાં કોઇ સુધારો નહીં થતા ક્રુડના ભાવ ફરીથી 100 ડોલરને વટાવી ગયો હતો. પરંતુ આરબીઆઇની દખલગીરીના લીધે રૂપિયામાં ઝડપી સુધારો જોવાયો હતો અને આજે 93ની નીચે સરકી ગયો હતો. સેકટર વાઇઝ જોઇએ તો આઇટી, રિયલ્ટી અને પ્રાઇવેટ બેન્કના શેરોમાં આગેકૂચ થઇ હતી, જ્યારે કન્ઝયુમર ડ્યુરેબલ્સ, ફાર્મા અને ઓઇલ એન્ડ ગેસ શેરોમાં ઘટાડો જોવાયો હતો.

મેક્રો ઇકોનોમી ડેટા અનુસાર માર્ચમાં દેશની મેન્યુફેકચરીંગ પ્રવૃત્તિ ઘટી હતી, જે 53.9 થઇ ગઇ છે, જે ફેબ્રુઆરી 56.9 હતી. 45 મહિનાની નીચી સપાટીને ચિહ્નિત કરે છે. માર્ચ, 2026ની શરૂઆતમાં જોવા મળેલા અપટ્રેન્ડને પણ ઉલટાવી દે છે, જ્યારે પીએમઆઇ ડિસેમ્બરમાં 55થી વધીને જાન્યુઆરીમાં 55.4 અને ફેબ્રુઆરીમાં 56.9 થઇ ગઇ હતી.બીએસઇ સેન્સેક્સ 185.23 પોઇન્ટ એટલે કે 0.25 ટકા વધીને 73319.55 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડે 73568 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 71545 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 33.70 પોઇન્ટ એટલે કે 0.15 ટકા વધીને 22700ની સપાટી કુદાવીને 22713.10 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 22182 પોઇન્ટ સુધી ઘટી હતી, જ્યારે 22782 પોઇન્ટ સુધી ઉછળી હતી. બેન્ક નિફ્ટી 100.10 પોઇન્ટ એટલે કે 0.19 ટકા વધીને 51548.75 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ગ્લાન્ડ ફાર્મામાં 12.19 ગણા, મન્નાપુરમ ફાઇ.માં 9.59 ગણા, ટ્યુબ ઇન્વેસ્ટમેન્ટમાં 9.17 ગણા, ફાઇવસ્ટાર બિઝનેસ ફાઇ.માં 4.82 ગણા અને ઇટર્નલ લિ.માં 3.63 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે લેટન્ટ વ્યૂ એનાલીટીક્સમાં 59.17 ગણા, ટાટા કેમિકલ્સમાં 11.95 ગણા, ઓલા ઇલે.માં 3.94 ગણા, કાર્બોન્ડમ યુનિવર્સલમાં 3.17 ગણા અને અદાણી ગ્રીન એનર્જીમાં 2.69 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં પણ રીકવરી સાથે પોઝિટિવ રહ્યા હતા. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.24 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ 0.05 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા હતા. બીએસઇ ખાતે 2680 શેરો વધ્યા હતા, જ્યારે 1547 શેરો ઘટયા હતા અને 160 શેરો યથાવત રહ્યા હતા.

## આરબીઆઇની દખલગીરીએ રૂપિયામાં શાનદાર રીકવરી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 2:** ભૂ રાજકીય તણાવના લીધે ક્રુડ ઓઇલના વધતા જતા ભાવના કારણે ડોલરમાં ઝડપી ઉછાળો જોવાયો હતો અને 95 નજીક સરકી ગયો હતો, જે છેલ્લા બે સત્રથી આરબીઆઇની દખલગીરીના કારણે રૂપિયામાં શાનદાર રીકવરી જોવા મળી હતી. જેના લીધે આજે ઇન્ટ્રાડેમાં રૂપિયો 93ની નીચે સરકી ગયો હતો, જે છેલ્લે ડોલરની સામે રૂપિયો 1.68 રૂપિયા ઉછળીને 93.10ના સ્તરે બંધ રહ્યો હતો, જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.78ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 107.01, પાઉન્ડ 122.50, ઓસ્ટ્રેલિયન ડોલર 64.23, જાપાનીઝ યેન 0.5829, સીંગાપોર ડોલર 72.17ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 93.10 રૂ. |
| યુરો | 107.01 રૂ. |
| પાઉન્ડ | 122.50 રૂ. |
| યેન | 0.5829 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 185.23 | 73319.55 |
| નિફ્ટી | 33.70 | 22713.10 |
| બેન્ક નિફ્ટી | 100.10 | 51548.75 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 3.53 | 1402.20 |
| ટેક મહિન્દ્રા | 2.63 | 1441.50 |
| ઇન્ફોસીસ | 1.97 | 1300.80 |
| વિપ્રો | 1.95 | 194.91 |
| ટાટા કન્ઝયુમર | 1.78 | 1042.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આઇશર મોટર | 2.58 | 6649.50 |
| એશિયન પેઇન્ટસ | 2.55 | 2169.00 |
| ઇટર્નલ | 2.03 | 231.72 |
| સન ફાર્મા | 2.02 | 1693.60 |
| બજાજ ઓટો | 1.54 | 8758.50 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 3.47 | 1401.85 |
| ટેક મહિન્દ્રા | 2.67 | 1441.50 |
| ઇન્ફોસીસ | 1.90 | 1300.45 |
| ટીસીએસ | 1.80 | 2451.65 |
| એચડીએફસી બેન્ક | 1.21 | 751.10 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એશિયન પેઇન્ટસ | 2.46 | 2169.35 |
| ઇટર્નલ | 2.13 | 231.65 |
| સન ફાર્મા | 1.70 | 1699.10 |
| એનટીપીસી | 1.33 | 360.00 |
| રિલાયન્સ | 1.31 | 1350.85 |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૩૦ | કોપરેલ | ૫૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૩૦ | વનસ્પતિ ઘી | ૨૪૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૦ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૫૮૦ | તલતેલ | ૪૯૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૩૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૧૩૬૦ |
| તેજાબી સોનું | ૧૫૧૨૭૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૩૮૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૮૩૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૧૩૬૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૩૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૫૦૦૦ |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૯ | ૫૦/૩૬ '' | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૮ |

# જેટ ફ્યુઅલના ભાવ વધારા પછી પણ ઓઇલ કંપનીઓને લિટર દીઠ રૂ. 64નું નુકશાન

**OMCs ઘરેલુ** LPG સિલિન્ડર પણ નુકશાન સહન કરી રહી છે

નવી દિલ્હી, તા. 02 : જેટ ફ્યુઅલ (ATF )ના ભાવમાં વધારો કર્યા પછી પણ ઓઇલ માર્કેટિંગ કંપની (OMC) ઓને તેમાં પ્રતિ લિટર રૂ. 64 નુંનુકશાન થઇ રહ્યું છે.જેની સીધી અસર OMCsની આવક પર પડશે, તેમ નોમુરાનો એક અહેવાલ જણાવે છે.

શહેરના ગેસ વિતરકો ટૂંકા ગાળાના અને સ્પોટ લિક્વિફાઇડ-નેચરલ-ગેસ પ્રાપ્તિ પર વધુ નિર્ભરતાને કારણે ગુજરાત ગેસ લિમિટેડને સૌથી વધુ નુકસાન થઇ શકે છે તેવી ચિંતા પણ નોમુરાએ વ્યક્ત કરી છે.

નોમુરાએ જણાવ્યું હતું કે ,એ વિ એ શ ન - ટ બ ા ઇ ન - ફ્યુઅલના ભાવમાં નજીવો વધારો થવાથી ઓઇલ માર્કેટિંગ કંપનીઓના માર્જિનને નુકસાન થવાની શક્યતા છે. વર્તમાન ભાવે, બ્રોકરેજનો અંદાજ છે કે સ્થાનિક ATF વેચાણ પર OMCs પ્રતિ લિટર આશરે રૂ. 64 નું નુકસાન કરશે, જેનો અર્થ એ થાય કે આવા વેચાણ પર પ્રતિ બેરલ આશરે $109 નું માર્કેટિંગ નુકસાન થશે.

OMCs ના કુલ માર્કેટિંગવોલ્યુમમાંATF માત્ર 2-6% હિસ્સો ધરાવે છે. જો કે, પેટ્રોલ અને ડીઝલ રિટેલિંગની જેમ, OMCs 90% થી વધુ હિસ્સા સાથે ATF બજારમાં પ્રભુત્વ ધરાવે છે. બ્રોકરેજનો અંદાજ છે કે ભારતના કુલ ATF વેચાણમાંથી લગભગ 65% સ્થાનિક એરલાઇન્સને થાય છે.

યુદ્ધના કારણે વૈશ્વિક તેલના ભાવમાં બમણાથીવધુનો વધારો થયો છે ત્યારે બુધવારે સ્થાનિક એરલાઇન્સ માટે ATF ના ભાવમાં 8.5% નો વધારો કરવામાં આવ્યો હતો, જે થયેલા વધારાની સરખામણીએ ઓછો છે અને કંપનીઓ બ્રેક ઇવન સુધી પણ પહોંચી શકશે નહીં. એનર્જી ક્ષેત્રે મજબૂત ટ્રેન્ડ વચ્ચેકમર્શિયલLPG અને પ્રીમિયમ પેટ્રોલના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો હતો. સરકારી માલિકીની તેલ કંપનીઓના જણાવ્યા અનુસાર, સ્થાનિક એરલાઇન્સ માટે ATF અથવા જેટ ઇંધણમાં પ્રતિ કિલોલિટર રૂ. 8,289.04 અથવા 8.56%નો વધારો કરવામાં આવ્યો હતો, જે ગયા મહિને રૂ. 96,638.14 પ્રતિ કિલોલિટરથી વધીને રૂ. 1,04,927.18 કરવામાં આવ્યો હતો.

સ્થાનિક એરલાઇન્સ વિદેશી એરલાઇન્સ, તેમજ નોન-શિડ્યુલ્ડ, એડહોક અને ચાર્ટર જેવી અન્ય એરલાઇન્સ જે ચૂકવશે તેનાથી અડધી કિંમત ચૂકવશેતેમના માટે, ભાવ રૂ. 1,10,703.08 પ્રતિ કિલોલિટર અથવા 114.5% વધીને રૂ. 2,07,341.22 પ્રતિ કિલોલિટર થયા છે.

### ઓઇલ માર્કેટિંગ કંપનીઓને નુકશાન

પ્રવર્તમાન કિંમતોના આધારે, નોમુરાએ ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનનેATF વેચાણ પર લગભગ રૂ. 23,600 કરોડ, ભારત પેટ્રોલિયમ કોર્પનેરૂ. 9,500 કરોડ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશનને રૂ. 5,300 કરોડના વાર્ષિક નુકશાનો અંદાજ લગાવ્યો છે.

### ગુજરાત ગેસને સૌથી વધુ અસર

શહેરના ગેસ વિતરકો અંગે, નોમુરાએ જણાવ્યું હતું કે ગુજરાત ગેસ લિમિટેડ ટૂંકા ગાળાના અને સ્પોટલિક્વિફાઇડ-નેચરલ-ગેસ પ્રાપ્તિ પર વધુ નિર્ભરતાને કારણે સૌથી વધુ અસરગ્રસ્ત થઇ શકે છે, જ્યાં 28 ફેબ્રુઆરી, 2026 ના રોજ યુદ્ધ શરૂ થયું ત્યારથી ભાવ બમણા થઇ ગયા છે. કમર્શિયલLPG ના ભાવમાં લગભગ 10% વધારો કરવામાં આવ્યો છે, જ્યારે OMCs ઘરેલુLPG સિલિન્ડરો પર નુકસાન સહન કરી રહ્યા છે. નોમુરાએ નોંધ્યું હતું કે રિલાયન્સનીSEZ રિફાઇનરી પર વિન્ડફોલ ટેક્સ લાગુ પડતો નથી.

# વીતેલા નાણાકીય વર્ષમાં ભારતની સંરક્ષણ નિકાસોમાં ૬૨ ટકાનો વધારો

**૩૧ માર્ચે** પુરા થયેલા વર્ષ ૨૦૨૫-૨૬માં સંરક્ષણ નિકાસો વધીને રૂ. ૩૮૪૨૪ કરોડની સપાટીએ પહોંચી

નવી દિલ્હી, તા. 2(PTI): સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગુરુવારે જણાવ્યું હતું કે ભારતની વાર્ષિક સંરક્ષણ નિકાસ નાણાકીય વર્ષ 2025-26માં 38,424 કરોડની સર્વોચ્ચ સપાટીએ પહોંચી છે, જે અગાઉના નાણાકીય વર્ષની સરખામણીએ 62 ટકાથી વધુની વૃદ્ધિ દર્શાવે છે.

રાજનાથ સિંહે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે સંરક્ષણ નિકાસમાં આ મોટો ઉછાળો ભારતની સ્વદેશી સંરક્ષણ ક્ષમતાઓમાં વધતા વૈશ્વિક વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. તેમણે ઉમેર્યું હતું કે દેશ સંરક્ષણ નિકાસની સફળતાની એક પ્રભાવશાળી ગાથા લખી રહ્યો છે. ક્ષામંત્રીએ કહ્યું કે, "નાણાકીય વર્ષ 2025-26માં 38,424 કરોડના રેકોર્ડ સ્તર સાથે ભારતની સંરક્ષણ નિકાસ એક નવી ઊંચાઇએ પહોંચી છે. તે પાછલા નાણાકીય વર્ષની સરખામણીએ 62.66 ટકાની મજબૂત વૃદ્ધિ દર્શાવે છે. તેમણે વધુમાં જણાવ્યું કે સંરક્ષણ નિકાસમાં 14,802 કરોડનો આ મોટો ઉછાળો ભારતની સ્વદેશી ક્ષમતાઓ અને અદ્યતન ઉત્પાદન શક્તિમાં વધતા વૈશ્વિક વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે, સંરક્ષણ જાહેર ક્ષેત્રના એકમો (DPSUs) દ્વારા 54.84 ટકા અને ખાનગી ઉદ્યોગો દ્વારા 45.16 ટકા યોગદાન સાથે આ સિદ્ધિ સહયોગી અને આત્મનિર્ભર સંરક્ષણ ઇકોસિસ્ટમની શક્તિ પ્રદર્શિત કરે છે.

# પ્રથમ ખાનગી જોડાણ : અમદાવાદથી કોલંબોની સીધી કનેકટીવિટી શરૂ થશે

અમદાવાદ, તા. 2: ગુજરાતથી શ્રીલંકાની આંતરરાષ્ટ્રીય મુસાફરી વધારવાના ઉદ્દેશ્યથી વ્યૂહાત્મક જોડાણ તરીકે સિટી ઓફ ડ્રીમ્સ શ્રીલંકા, સિનેમોન હોટેલ્સ એન્ડ રિસોર્ટસ તેમજ કવોર્સ ટુર્સે અમદાવાદ અને કોલંબો વચ્ચે સીધી શેડયુલ પેસેન્જર ફલાઇટસની શરૂ કરવા માટે ફિટ્સએર સાથે ભાગીદારી કરી છે. જે સપ્તાહમાં ત્રણ વખત ઉડાન ભરશે અને ગુજરાતથી આંતરરાષ્ટ્રીય લીઝર ટ્રાવેલની વધતી માગને પુર્ણ કરશે. ગુજરાતના અમદાવાદ આંતરરાષ્ટ્રીટ હવાઇમથકેથી 14 મિલિયન મુસાફરો અવનજવન કરી રહ્યા છે, જેમાંથી શ્રીલંકાનો હિસ્સો ખુબ જ નજીવો છે, જેને વધારવાના હેતુ સાથે આ ઐતિહાસિક જોડાણ કરાયું છે. એટલું જ નહીં, આ ખાનગી જોડાણ પ્રથમ છે. ભૂતકાળમાં આવું કોઇ ખાનગી જોડાણ થયું નથી. મજબૂત સાંસ્કૃતિક સંબંધો, પ્રવાસન વેપાર નેટવર્ક અને વૈશ્વિક અનુભવો માટેની વધતી જતી ભૂખના કારણે ગુજરાત શ્રીલંકા મટે એક મુખ્ય સ્ત્રોત બજાર તરીકે ઉભરી રહ્યું છે. સીધી ફલાઇટસ શરૂ થવાથી પ્રવાસનનો વિનિમય વધુ મજબૂત થશે. જોન કીલ્સ હોલ્ડીંગ્સના લીઝર અને પ્રોપર્ટીના પ્રમુખ નચના માવિલમાડાએ જણાવ્યું હતું કે, અમે ભારતીય બજારમાં અને ખાસ કરીને ગુજરાતમાં હાજરીને મજબૂત કરવા ઇચ્છીએ છીએ. જેના માટે 15મી મે, 2026થી અમદાવાદ અને કોલંબો વચ્ચે સપ્તાહમાં ત્રણ વખત ફલાઇટસનું સંચાલન કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રીલંકા રેવન્યુની દ્રષ્ટિએ પ્રવાસન ક્ષેત્ર બીજા સ્થાને આવે છે. નાના ટાપુ સમાન આ વિસ્તારમાં પ્રવાસનના વિકાસને વેગ આપીને રેવન્યુ વધારવાના પ્રયાસ કરાઇ રહ્યા છે.

## ઓલા ઇલેક્ટ્રીકમાં બે દિવસમાં 23 ટકાનો ઉછાળો

મુંબઇ, તા. 2: છેલ્લા બે દિવસમાં ઓલા ઇલે.ના શેરમાં કરન્ટ જોવા મળ્યો હતો અને બે દિવસમાં 23 ટકા જેટલો ઉછાળો આવ્યો છે. કંપનીએ તેની ફલેગશીપ ઇલે. મોટર સાયકલ રોડસ્ટર એક્સ પ્લસ 9.1 કેડબલ્યુએચ માટે મોટા ભાવમાં ઘટાડો કરવાની જાહેરાત કરી હોવાના સમાચાર પછી ઉછાળો આવ્યો હતો. સ્ટોક એકસચેન્જને મોકલેલી માહિતી અનુસાર તેણે આ બાઇકની કિંમતમાં રૂ. 60 હજારનો ઘટાડો કર્યો ચે. જે હવે 129999માં ઉપલબ્ધ થશે, જે પહેલા 189999 રૂપિયા હતી એટલે કે ભાવમાં 30 ટકાનો ઘટાડો કર્યો છે. કંપનીનું કહેવું છે કે આ ઘટાડો તેની ગીગા ફેકટરીમાં ઉત્પાદનમાં વધારો અને ખર્ચમાં ઘટાડો થવાના કારણે શક્ય બન્યો છે. કંપનીએ એ પણ ખુલાસો કર્યો છે કે, આ બાઇક હવે લિમિટેડ વિન્ડો મોડેલ હેઠળ વેચવામાં આવશે. એટલે કે ગ્રાહકો તેને મર્યાદિત સમય માટે ખરીદી શકે. જેની રેન્જ 500 કિલોમીટરની છે. આ બાઇકની માગ 5 ગણાથી વધુ વધી છે, જેના કારણે વેચાણણાં વૃદ્ધિ થઇ છે. તાજેતરના મહિનાઓમાં કંપનીએ ઓપરેશનલ પ્રદર્શનમાં પણ સુધારો થયો છે.

# ચાંદીમાં રૂ. ૯૦૦૦નો અને સોનામાં રૂ. ૧૫૦૦નો ઘટાડો

**મજબૂત** બનેલા ડોલરને કારણે કિંમતી ધાતુઓ પરથી રોકાણકારોનું ધ્યાન ખસ્યું

નવી દિલ્હી, તા. ૨(પીટીઆઇ): સ્થાનિક બજારમાં જોવા મળેલા મંદીના વલણને પગલે ગુરુવારે રાષ્ટ્રીય રાજધાનીમાં ચાંદીના ભાવમાં રૂ. ૯,૦૦૦નો મોટો ઘટાડો થતા તે રૂ. ૨.૩૭ લાખ પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગયા હતા, જ્યારે સોનું રૂ. ૩,૫૦૦ ઘટીને રૂ. ૧.૫૧ લાખ પ્રતિ ૧૦ ગ્રામ પર આવી ગયું હતું.

ઓલ ઇન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ચાંદીમાં રૂ. ૯,૦૦૦ અથવા ૩.૬૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો, જેના કારણે તે ગુરુવારના બંધ સ્તર રૂ. ૨,૪૬,૦૦૦ થી ઘટીને રૂ. ૨,૩૭,૦૦૦ પ્રતિ કિલો (તમામ ટેક્સ સહિત) પર પહોંચી હતી. ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતા સોનાના ભાવમાં પણ રૂ. ૩,૫૦૦ અથવા ૨.૨૬ ટકાનો ઘટાડો થયો હતો અને તે રૂ. ૧,૫૧,૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામ (તમામ ટેક્સ સહિત) નોંધાયો હતો.

એચડીએફસી સિક્યોરિટીઝના કોમોડિટીઝ વિભાગના સિનિયર એનાલિસ્ટ સૌમિલ ગાંધીએ જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયાના સંઘર્ષને ઉકેલવા અંગે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના બહુપ્રતિક્ષિત સંબોધનમાં મર્યાદિત સ્પષ્ટતા મળ્યા બાદ ગુરુવારે કિંમતી ધાતુઓના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. ટ્રમ્પે જણાવ્યું હતું કે યુદ્ધના સંદર્ભમાં વોશિંગ્ટનના મુખ્ય વ્યૂહાત્મક ઉદ્દેશ્યો પૂર્ણ થવાની નજીક હોઈ શકે છે, પરંતુ તેમણે આગામી ૨-૩ અઠવાડિયામાં ઈરાન પર સંભવિત લશ્કરી હુમલાની ચેતવણી પણ આપી હતી. આનાથી તણાવમાં વધુ વધારો થવાની ભીતિ પેદા થઈ છે, જેના કારણે સંઘર્ષના ઝડપી ઉકેલની આશાઓ ધૂંધળી બની છે અને હોર્મુઝની સામુદ્રધુની દ્વારા થતા ઉર્જા પુરવઠામાં વિક્ષેપ લાંબો ખેંચાઈ શકે છે તેમ ગાંધીએ ઉમેર્યું હતું.

આંતરરાષ્ટ્રીય બજારમાં હાજર ચાંદી ૫.૪૯ ડોલર અથવા ૭.૩૨ ટકા તૂટીને ૬૯.૫૭ ડોલર પ્રતિ ઔંસ પર આવી ગઈ હતી, જ્યારે સોનું ૧૬૬.૭૯ ડોલર અથવા ૩.૫૧ ટકા ઘટીને ૪,૫૯૧.૫૨ ડોલર પ્રતિ ઔંસ નોંધાયું હતું. આ ટિપ્પણી બાદ અમેરિકી ડોલર ૦.૫ ટકા મજબૂત થઈને ૯૯-૧૦૦ના સ્તરે પહોંચ્યો હતો, જેણે વિદેશી વેપારમાં કિંમતી ધાતુઓના ભાવ પર દબાણ વધાર્યું હતું.

# ગયા વર્ષે 86 ટકા ભારતીયોએ કામના સ્થળે વિક્ષેપનો સામનો કર્યો : અહેવાલ

**કાર્ય** સ્થળે ઝડપી ટેક્નોલોજીકલ ફેરફારો, બદલાતી જવાબદારીઓ, અપેક્ષાઓમાં પરિવર્તનો વગેરેનો ભારતીય કર્મચારીઓએ વધુ સામનો કર્યો

**વૈશ્વિક** રીતે આવા અચાનક ફેરફારોની સરેરાશ 67 ટકા રહી, જ્યારે ભારતમાં તે 86 ટકા

નવી દિલ્હી, તા. ૨(PTI): એજ્યુકેશનલ ટેસ્ટિંગ સર્વિસિસ (ETS) ના તાજેતરના હ્યુમન પ્રોગ્રેસ રિપોર્ટ અનુસાર, ભારતમાં કર્મચારીઓ વૈશ્વિક સરેરાશની સરખામણીએ કાર્યસ્થળના વિક્ષેપનો નોંધપાત્ર રીતે વધુ સામનો કરી રહ્યા છે, જ્યારે સાથે જ તેઓ કૌશલ્ય વિકાસ અને કૌશલ્યના પ્રમાણીકરણ તરફ મજબૂત ઝુકાવ પણ દર્શાવી રહ્યા છે. પ્રિન્સ્ટન સ્થિત ETS, જે TOEFL અને GRE જેવી મહત્વની પરીક્ષાઓ આયોજિત કરવા માટે જાણીતી છે, તેણે આ અભ્યાસ હાથ ધર્યો હતો, જેમાં જાણવા મળ્યું છે કે ભારતીય કાર્યબળ ટેક્નોલોજી, નોકરીની જવાબદારીઓ અને કાર્યક્ષમતાની અપેક્ષાઓમાં આવતા ઝડપી પરિવર્તનો સાથે કઇ રીતે કામ પાર પાડી રહ્યું છે, કારણ કે વ્યાવસાયિકો હવે કારકિર્દીની સ્થિરતાને સતત પ્રાસંગિક કૌશલ્યો કેળવવાની અને તેને પ્રદર્શિત કરવાની ક્ષમતા સાથે જોડી રહ્યા છે.

અહેવાલ મુજબ, ભારતના 86 ટકા કામદારોએ છેલ્લા એક વર્ષમાં કાર્યસ્થળમાં મોટી ખોરવણીનો અનુભવ કર્યો છે, જે 67 ટકાની વૈશ્વિક સરેરાશ કરતા નોંધપાત્ર રીતે વધુ છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, તારણો દર્શાવે છે કે કાર્યસ્થળમાં પરિવર્તન એ ભારતમાં રોજગારીના ક્ષેત્રનું એક નિર્ધારિત લક્ષણ બની રહ્યું છે. ઘણા કામદારો નવા સાધનો, ભૂમિકાઓની વિકસતી જરૂરિયાતો અને ભવિષ્ય માટે તૈયાર ક્ષમતાઓની વધતી માંગ સાથે અનુકૂલન સાધતા હોવાનું જણાય છે, જ્યારે તેઓ તેમના કૌશલ્યોને માપવા માટે વધુ સ્પષ્ટ અને વિશ્વસનીય પદ્ધતિઓ પણ શોધી રહ્યા છે. અહેવાલમાં વધુમાં ઉમેર્યું છે કે, જેમ જોબ માર્કેટ વધુ ગતિશીલ બની રહ્યું છે અને AIનો સ્વીકાર ઝડપી બની રહ્યો છે, તેમ વિવિધ ક્ષેત્રોના વ્યાવસાયિકો સ્પર્ધામાં ટકી રહેવા માટે સતત શીખવા અને વેરિફાઇડ ક્રેડેન્શિયલ્સ પર વધુ ભાર મૂકી રહ્યા છે.

# વૈશ્વિક છટણીઓ વચ્ચે ડેલોઇટ ભારતમાં 50 હજારની નવી ભરતી કરશે

**ડેલોઇટ** વિસ્તરણ કાર્યક્રમ હેઠળ નવી ભરતી કરશે, જેમાં એઆઇ તાલીમ પર ધ્યાન કેન્દ્રિત કરાશે

નવી દિલ્હી, તા. 2: અગ્રણી કન્સલ્ટન્સી ફર્મ ડેલોઇટે તેની વિસ્તરણ યોજના હેઠળ ભારતમાં 50000 પ્રોફેશનલ્સની ભરતી કરવાની જાહેરાત કરી છે. એઆઇને કારણે દુનિયાભરની કંપનીઓ નોકરીમાં કાપ મૂકવા પર વિચાર કરી રહી છે ત્યારે ડેલોઇટના આ પગલાથી ભારતીય જોબ માર્કેટમાં મોટી રાહત મળી છે. ડેલોઇટ સાઉથ એશિયાના સીઓઓ નીતિન કિનીએ સ્પષ્ટતા કરી છે કે કંપની એઆઇને કર્મચારીઓને બદલવાના સાધન તરીકે જોતી નથી. મને નથી લાગતું કે નોકરી ગુમાવવી એ જવાનો યોગ્ય રસ્તો છે, કર્મચારીઓને નવી તકનીકી શીખવવા પર ધ્યાન છે જેથી તેઓ વધુ જટિલ સમસ્યાઓ હલ કરી શકે. કંપનીએ તેના 30000 કર્મચારીઓને એઆઇમાં તાલીમ આપી છે. હવે બાકીના કાર્યબળને પણ આંતરિક પ્લેટફોર્મ દ્વારા આ પરિવર્તન માટે તૈયાર કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે કંપની તેની કુલ કમાણીનો 9 ટકા નવી ક્ષમતાઓના વિકાસ, તાલીમ અને નવીનતા પર ખર્ચ કરી રહી છે.

# 65 કરોડ ગ્રાહકો સાથે એરટેલ દુનિયાની બીજી સૌથી મોટી મોબાઇલ ઓપરેટર બની

નવી દિલ્હી, તા. 2: ગ્લોબલ સિસ્ટમ ફોર મોબાઇલ કમ્યુનિકેશન્સ એસોસિએશનના ડેટાને ટાંકીને ભારતી એરટેલે જણાવ્યું હતું કે તે 650 મિલિયન સબ્સ્ક્રાઇબર્સ સાથે વિશ્વની બીજી સૌથી મોટી ટેલિકોમ ઓપરેટર બની ગઇ છે. જીએસએમએ એ એક વૈશ્વિક વેપાર સંસ્થા છે જે મોબાઇલ નેટવર્ક ઓપરેટરો અને મોબાઇલ ઇકોસિસ્ટમમાં હાજર કંપનીઓના હિતોનું પ્રતિનિધિત્વ કરે છે. તે તકનીકી, નીતિ અને નવીનતાને આગળ વધારવા માટે પણ કામ કરે છે.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

**જોઇએ છે**
ફેમીલી માટે એક ડ્રાઇવર અને રસોઇ માટે વેજીટીરીયન બાઇ બે ટાઇમ 9426152570

**ડેટાએન્ટ્રી ટેલિકોલિંગ**
માટે પાર્ટટાઇમ મહિલાની જરૂર છે પર્વત પાટિયા 9909919489

**જોઇએ છે**
સ્કુલબસ માટે ડ્રાઇવર-4, કંડક્ટર-3, ધન્વંતરિ કેમ્પસ-કિમ 9924204829-9924204827

**જોઇએ છે**
કાપડ લાઇનના અનુભવી/ બિનઅનુભવી છોકરા/ છોકરી જય જલારામ કાપડ સ્ટોર્સ ઝાંપાબજાર, સુરત.

**જોઇએ છે**
અનુભવી સુપરવાઇઝર તેના ઇન્ડસ્ટ્રીયલ એરિયા ફેક્ટરી. સીવીલ વર્ક સાઇટ. પાલથી બરબોધનના નજીકના રહેવાસીને વધુ પ્રાથમિકતા ભરત જોષી, 9822199690

**ડિલવરી કંપનીમાં**
ડિલિવરી રાઇડર જોઇએ છે. સંપર્ક: 9998521917

**જોઇએ છે**
(1) રસોઇ કામ માટે અનુભવી બહેન (2) ઘરકામ માટે કામવાળી બહેન (3) એકાઉન્ટન્ટ (4) ઓફિસના પરચુરણ કામ માટે માણસ Contact:- 6354619976

**જોઇએ છે**
સુરતમાં નામાંકિત ફાઇનાન્સિયલ કંપની માટે તરત જોડાઇ શકે તેવા ઉત્સાહી અને ઇચ્છુક વ્યક્તિ, RS. 4,00,000 થી વધુ કમાવવાની અને કરિયર બનાવવાની સુર્વણ તક. 9714134950

**તુલસી એન્ટરપ્રાઇઝ**
હોમ ક્લીનીંગ આઇટમ્સ માટે સેલ્સમેન જોઇએ છે અનુભવી સેલ્સમેન કોન્ટેક્ટ કરજો. પગાર + કમીશન 9825341572 રાંદેર, ભટાર, અડાજણ, વેસુ, વરાછા, કતારગામ, વગેરે.

**જોઇએ છે**
ગાયનેક હોસ્પિટલ માટે આયા માસી ની તાત્કાલિક જરૂર છે. ભક્તિ હોસ્પિટલ ઉધના ગામ. મળવા માટે સંપર્ક ૯૭૨૭૭૧૧૫૬૭..

**જોઇએ છે**
અનુભવી ટર્નર 12 ફુટ લેથ માટે કતારગામ GIDC . 9825304506 9825651072

**જોઇએ છે સ્ટાફ,**
ઇલેક્ટ્રીશયન/વાયરમેન, અનુભવી/ બિન અનુભવી. સુરત, બારડોલી, માંડવી, રાજકોટ, મોરબી, જુનાગઢ મોં 9913016827

**સુરત, ગુજરાતમાં**
આઇસ્ક્રીમ પાર્લર માટે ફુલ ટાઇમ કેશિયરની જરૂર છે વધુ માહિતી માટે 9712907552 પર કોલ કરો.

FOR Sell
70,000/- ના માસિક ભાડામાં
કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ
પાર્લે પોઇન્ટ મેઇન રોડ પર
Dhaval Cyclewala 98980 24032

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**ઓમશિવ ટ્રાવેલ્સ**
8, 22 એપ્રિલ (દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, સારંગપુર) (ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર) 9-એપ્રિલ, અષ્ટવિનાયક, પાંચ જ્યોતિલીંગ, કોલ્હાપુર, પંઢરપુર, 29- એપ્રિલ, દક્ષિણ ભારત, તિરૂપતિ બાલાજી, 15- મેં બદ્રીનાથ, કેદારનાથ, હરીદ્વાર, ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2X2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 3/5, (10 સીટ બાકી) 26/05, દિવસ- 15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/05 , દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઇ બોડીવાલા, યોગીકોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુરાંદેરરોડ, સુરત.: 9825144143, 9898700934, 9712882315

**સાગર 9427113317**
એસી સ્લીપરમાં દ્વારકા, સોમનાથ, દીવમાં નાઇટ, 9- એપ્રિલ/ શનિ-રવિ દમણ ખાનવેલમાં રિસોર્ટ

**નર્મદા પરિક્રમા**
ડાકોર, પાવાગઢ, ત્ર્યંબકેશ્વર, ભીમાશંકર, ઘૃષ્ણેશ્વર, શિરડી, શનિદેવ, દ્વારકા, સોમનાથ, ઉજ્જૈન, ઓમકારેશ્વર, અંબાજી, શ્રીનાથજી, ખાટુશ્યામ. મહાદેવ ટુર એન્ડ ટ્રાવેલ્સ. 7802062340, 8238872861

**Date- 04/04/2026,**
નર્મદા પરિક્રમા, રૂપિયા- 500/-, Mobile- 9913164330

વાહન લે-વેચ

**અરજન્ટ વેચવાની છે**
વેગનઆર કાર પરદેશ જવાના હોવાથી Mo- 7990099198

વ્યવસાયીક ધંધાકીય

**ભગવાનનો દિવો**
આરતી, તુલસીનાં છોડ પાસે દિવો કરવા માટે ગાયનાં ઘીમાં બનાવેલ રૂની તૈયાર દિવેટ મળશે. 7600239072

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઇક. 9737166947, 8758533196

**લાઇફ હિંચકાના કડાં**
અમેરિકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**CM PEST CONTROL**
લાઇફ ટાઇમ ખાત્રીપૂર્વક ઉધઇની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઇલેક્ટ્રોનિક્સ, મોબાઇલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઇલેક્ટ્રોનિક્સ. અડાજણ. 9898302700

મિલ્કત વેચવાની છે

**2 BHK ફ્લેટ**
વેચવાનો. પાલનપુર ગૌરવપથ 8866660612

**છોટા હાથી ટેમ્પો**
વેચવાનો છે ફૂલ કંડીશનમાં નવયુગ કોલેજ પાસે 3 ફ્લેટ ફુલ કંડીશનમાં વેચવાના છે 4000 સ્કેવર ફીટ Mo:- 9426152570

**રોહાઉસ વેચવાનું છે**
આનંદમહલ રોડ અડાજણમાં 222 વારનું ફ્રી હોલ્ડ 2.75 કરોડમાં શૈલેષભાઇ 9825190090

વ્યવસાયીક આરોગ્ય વિષયક

**મોતિયાનું ઓપરેશન**
તમારા બજેટમાં કરાવવા પ્રખ્યાત હોસ્પિટલ દવાવાલા આઇકેર પાલનપુર જકાતનાકા સુરતનો આગ્રહ રાખો 9898133189

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.